અપીલ અરજી નં. ૫૫૪,૫૫૫ તા.૧૬–૧–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– ડો.અજીતકુમાર એસ. પટેલ
સામાવાળ :– ડે.કમિશનર (પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી (ટીપી/શહેર વિકાસ)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયત ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૨૩–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) રાહુલરાજ ટેક્ષટાઈલ સીટી ટી.પી.નં.૩૩(ડુંભાલ) ધ્વારા ખાડી પુરાણ અને ખાડીના કાંઠા ઉપર બાંધકામ કરેલ તેમજ ખાડીનું કોઈપણ જાતનું માર્જીન છોડેલ નથી જેના બાંધકામ બાબતની આપના ધ્વારા પરવાનગી કે અભિપ્રાય આપવામાં આવ્યો હોય તો તેની આવેલ અરજી અને આપે આપેલ જે તે પરવાનગી સહિતની નકલ સહિત સંપૂર્ણ માહિતી આપવી વિ.મુદ્દા નં.(૧)થી (૭)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૬–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૫૪/૨૦૧૧–૧૨
સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૬–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૫૫/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૨૩–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) રાહુલરાજ ટેક્ષટાઈલ સીટી ટી.પી.નં.૩૩(ડુંભાલ) ધ્વારા ખાડી પુરાણ અને ખાડીના કાંઠા ઉપર બાંધકામ કરેલ તેમજ ખાડીનું કોઈપણ જાતનું માર્જીન છોડેલ નથી જેના બાંધકામ બાબતની આપના ધ્વારા પરવાનગી કે અભિપ્રાય આપવામાં આવ્યો હોય તો તેની આવેલ અરજી અને આપે આપેલ જે તે પરવાનગી સહિતની નકલ સહિત સંપૂર્ણ માહિતી આપવી વિ.મુદ્દા નં.(૧) થી (૭)ની માહિતી આપવા બાબતે ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) ના પત્ર નં. ટી.ડી.ઓ./ ૩૯૬તથા ૩૯૭ તા. ૧૫–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી તથા લીંબાયતઝોન ધ્વારા કોઈ નિર્ણય મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૬–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા સાથે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ કક્ષાએ કલમ–૬(૩)ના ઉલ્લંઘન–વિલંબ અંગે સ્પષ્ટતા કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૫૯ તા.૨૧–૧–૧૨ થી ડે.કમિશનર (પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી (ટીપી/શહેર વિકાસ), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયત ઝોન) તથા અરજદારને જાહેર માહિતી અધિકારી ટી.ડી.ઓ.ના તા. ૧૫–૧૨–૧૧ના પ્રસ્તાવ અનુસાર ફી ભરી માહિતી મેળવેલ છે કે કેમ ? તે પછી કોઈ નારાજગી હોય તો આધાર સહ મુદ્દાવાઈઝ–જાહેર માહિતી અધિકારીવાઈઝ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ ના પત્ર નં.ટીડીઓ/૬૨ તા.૬–૨–૧૨ થી નોંધ વિભાગ, અરજદારને પત્ર નં. ટી.ડી.ઓ./૩૯૬ તા.૧૫–૧૨–૧૧ થી આપેલ માહિતીની નકલ, પત્ર નં.ટી.ડી.ઓ./૩૯૭ તા.૧૫–૧૨–૧૧ થી કાર્ય પાલક ઈજનેર શ્રી સા.ઈ. ઝોન (લીંબાયત) ને મુદ્દા નં–૨ અંગે તબદીલ કરેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન તરફથી કોઈ પુરક વિગત અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૭–૨–૧૨ નો પત્ર મળેલ છે.

અરજદારની તા.૨૩–૧૧–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી ગુજરાત પ્રદુષણ બોર્ડ સુરત ખાતે કરવામાં આવેલ. જે અરજી ક્રમાંકઃ ગુપ્રનિબોર્ડ/ સુરત/આરટીઆઈ/આઈ.ડી.નં.૩૨/૧૦૬૯/૨૦૧૧ તા.૨૫–૧૧–૧૧ ના પત્ર થી સુરત મહાનગરપાલિકાને તબદીલ કરેલ. જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગે પત્ર નં.ટી.ડી.ઓ./૩૯૭ તા.૧૫–૧૨–૧૧ થી કાર્ય પાલક ઈજનેર શ્રી સા.ઈ. ઝોન (લીંબાયત) ને મુદ્દા નં–૨ અંગે અઘટીત અવધિ બાદ તબદીલ કરેલ. જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગે પત્ર નં. ટી.ડી.ઓ./૩૯૬ તા.૧૫–૧૨–૧૧ થી અરજદારને સમય અવધિમાં મુદ્દા નં.૧ અને ૩ની માહિતી પુરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારની અરજીમાં મુદ્દા નં.(૧) રાહુલરાજ ટેક્ષટાઈલ સીટી ટી.પી.નં.૩૩(ડુંભાલ) ધ્વારા ખાડી પુરાણ અને ખાડીના કાંઠા ઉપર બાંધકામ કરેલ તેમજ ખાડીનું કોઈપણ જાતનું માર્જીન છોડેલ નથી જેના બાંધકામ બાબતની આપના ધ્વારા પરવાનગી કે અભિપ્રાય આપવામાં આવ્યો હોય તો તેની આવેલ અરજી અને આપે આપેલ જે તે પરવાનગી સહિતની નકલ સહિત સંપૂર્ણ માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગ તરફથી ટી.પી. સ્કીમ નં.૩૩ (ડંભાલ) ફા.પ્લોટ નં.૧૩ માં શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતા ધ્વારા ટીડીઓ/ડીપી/નં.૧૪૯ તા.૨૬–૮–૧૦ તથા ત્યારબાદ ટીડીઓ/ડીપી નં.૨૩૯ તા.૫–૧૦–૧૧ ના રોજ રીવાઈઝડ પ્લાન સહિતની અરજી માટેની રજાચિઠ્ઠી/ બાંધકામ માટેની પરવાનગી આપવામાં આવેલ છે. જેની નકલ

મેળવવા અત્રેની કચેરીમાં નકલ ફી પેટે રૂા.૨,૧૦૦/– (અંકે રૂપિયા બે હજાર એકસો પુરા) શહેર વિકાસની કચેરીએ ભરપાઈ કર્યેથી મંજુર પ્લાન તથા રીવાઈઝડ મંજુર પ્લાન તથા રજાચીઠ્ઠી મેળવી શકાશે. તેવુ સમય અવધિમાં જણાવેલ.

મુદ્દા નં.(૨) ચોમાસા દરમ્યાન પાણીનો પૂરતો નિકાલ ન થવાના કારણે ભારે વરસાદ દરમ્યાન નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવા થવાથી પુર આવવાની સો ટકા સંભાવનાઓ હોવાથી આપના તંત્ર ધ્વારા આ બાંધકામ કે બિલ્ડર વિરૂધ્ધ આજસુધી જે કાર્યવાહી થઈ હોય તો તેની નકલ સહિત સંપુર્ણ માહિતી આપવી.
મુદ્દા નં.(૩) આ બિલ્ડીંગ ખુબ જ મોટુ હાઈરાઈઝ અને વિશાળ વિસ્તારમાં પથરાયેલુ અને ખાડીના કાંઠા ઉપર કરવામાં આવી રહેલ બાંધકામ તેમજ ખાડીનો ભાગ પુરાણ કરી બાંધકામ થઈ રહયુ હોવાથી વન અને પર્યાવરણ, ગુ.પ્ર.નિ.બોર્ડ કે અન્ય ગવર્નમેન્ટ ઓફ ઈન્ડીયાની પોલીસીઓ અનુસંધાને આ બિલ્ડીંગની યોગ્યતાના આધાર, પુરાવાઓ, પરવાનગીઓ, અભિપ્રાયો લીધેલ કે ન લીધેલ હોય તે સહિતની સંપુર્ણ નકલ સહિતની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગ તરફથી સદર બિલ્ડીંગના બાંધકામની પરવાનગી આપતા પહેલા ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, એરપોર્ટ ઓથોરીટીનું એન.ઓ.સી., એન.એ પરવાનગી મેળવી અત્રે રજુ કરેલ છે. જેની નકલ મેળવવા નકલ ફી પેટે રૂા.૨૪/– (અંકે રૂપિયા ચોવીસ પુરા) શહેર વિકાસની કચેરીએ ભરપાઈ કર્યેથી ઉકત નકલો આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેવુ જણાવેલ.

મુદ્દા નં.(૪) આ બિલ્ડીંગ ખાડીના કાંઠા તેમજ અંદર પુરાણ કરી બની રહયુ છે અને આપ ધ્વારા આપવાની પરવાનગી, અભિપ્રાય, પ્રમાણપત્ર ન આપેલ હોય તો આ બાંધકામ અને બિલ્ડર વિરૂધ્ધ આપ ધ્વારા આજ સુધી થયેલ કાર્યવાહીની સંપુર્ણ માહિતી આપવી તેમજ કોઈ પરવાનગી ન આપી હોય તો તેમજ તેઓ વિરૂધ્ધ આજ સુધી કોઈ કાર્યવાહી ન થયેલ હોય તો આ કાર્યવાહી ન કરનાર આપના વિભાગના જે તે જવાબદાર અધિકારીઓના નામ અને હોદ્દા સહિતની સંપુર્ણ માહિતી આપવી. મુદ્દા નં.(૫) આપના ધ્વારા તાજેતરમાં જે તે બિલ્ડરોને નોટીશ આપવામાં આવેલ છે તેની માહિતી તથા જે કારણો માટે નોટીસ આપવી પડી તે કારણોના આધાર પુરાવાઓ નકલો સહિત સંપુર્ણ માહિતી આપવા તથા નોટીસ આપ્યા પછી આજ સુધી થયેલ કાર્યવાહીની માહિતી તથા આ બિલ્ડરોએ આજ સુધી જે તે પુર્તતા કરેલ હોય કે ન કરેલ હોય તેની માહિતી તથા આપના જે તે તપાસનીશ અધિકારીઓના નામ હોદ્દાની સહિતની સંપુર્ણ માહિતી આપવી. મુદ્દા નં.(૬) આપની કચેરીને કુલ મળેલ સાદી, ફરીયાદો અરજીઓની માહિતી તેમજ ને અનુસંધાને થયેલ કાર્યવાહી તથા કાર્યવાહી કરનાર કે ન કરનાર જે તે અધિકારીઓના નામ હોદ્દા સહિત સંપુર્ણ માહિતી આપવી તેમજ આ અરજદાર ફરીયાદી કે અરજી કરનારને પ્રત્યુત્તર પાઠવેલ ન પાઠવેલ તેનો ઈન્વર્ડ,આઉટવર્ડ, તારીખ સહિતની તેમજ જે અધિકારી સહિતની માહિતી. મુદ્દા નં.(૭) ગેપીલ વિરૂધ્ધ આજ સુધી કાર્યવાહી કરવા માટે આપને મળેલ રજુઆતો, અરજીઓ, ફરીયાદો અને થયેલ કાર્યવાહી સહિત અધિકારીઓના નામ હોદ્દા સહિત સંપુર્ણ માહિતી આપવી.

જાહેર માહિતી અધિકારી લિંબાયત ઝોન તરફથી મુદ્દા નં.૨ અંગે કોઈ માહિતી આપેલ હોવાનું જણાયેલ નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારે ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) ના પત્ર નં. ટી.ડી.ઓ./ ૩૯૬ તથા ૩૯૭ તા. ૧૫–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી તથા લીંબાયતઝોન ધ્વારા કોઈ નિર્ણય મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૧૬–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અરજદારે અપીલ તબકકે મુદ્દા નં.૧માં માંગેલ રાહુલરાજ ટેક્ષટાઈલ સીટી,ટી.પી. નં.૩૩(ડુંભાલ) માં થયેલ ખાડીમાં પુરાણ અને ખાડીના કાંઠા ઉપર થયેલ બાંધકામ તથા બિલ્ડર ધ્વારા ખાડીનું કોઈપણ જાતનું માર્જીન છોડેલ નથી તેની નકલ સહિતની માહિતી પુરી પાડેલ નથી. તથા મુદ્દા નં.૨ બાબતે કોઈ જ માહિતી પુરી પાડેલ નથી તેમજ કોઈપણ નિર્ણય આપેલ નહીં હોવાની રજુઆત કરેલ. તથા જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજી તદ્દન ખોટી રીતે દિન–૨૧ પોતાના તાબામાં રાખી હોવાનું જણાવેલ.

અરજદારને અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૫૯ તા.૨૧–૧–૧૨ થી જાહેર માહિતી અધિકારી ટી.ડી.ઓ.ના તા. ૧૫–૧૨–૧૧ના પ્રસ્તાવ અનુસાર ફી ભરી માહિતી મેળવેલ છે કે કેમ ? તે પછી કોઈ નારાજગી હોય તો આધાર સહ મુદ્દાવાઈઝ–જાહેર માહિતી અધિકારીવાઈઝ સ્પષ્ટ કરવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૭–૨–૧૨ ના પત્રમાં તેમની અરજીઓમાં સ્પષ્ટ અને જાહેર માહિતી અધિકારીઓ, અપીલના કારણો તથા માંગેલ દાદ સહીતની વિગતો જણાવવામાં આવેલ હોવાનું જણાવેલ. પરંતુ નકલ ફી ભરપાઈ કરી માહિતી મેળવ્યાની કોઈ વિગત રજુ કરેલ નથી.

અરજદારે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ કક્ષાએથી નકલો મેળવ્યા વિના મુદ્દા નં.૧ ની માહિતી નહીં મળ્યાની રજુઆત કરેલ છે. મુદ્દા નં.૧ માં અરજદારે માર્જીન છોડેલ નથી ખાડી પુરાણ વિગેરે વિધાન કરેલ છે જયારે તેના બીજા ભાગમાં પ્લાન મંજુરીની નકલો માંગેલ છે જે આપવા જાહેર માહિતી અધિકારીએ સમય અવધિમાં પ્રસ્તાવ કરેલ છે જ તેમાં માંગેલ વિગત હોવાનું અનુમાનિત થાય.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૬–૧–૧૨ ધ્યાને લેતાં ૧૪–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૯–૨–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે

પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૩–૧૧–૧૧ ની અરજીના માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ ની માહિતી જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન તરફથી પુરી પડાયેલ ન હોઈ તે અંગેની દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે."

જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ વિ.) તરફથી નિયત સમય અવધિમાં નાણાં ભરપાઈ કરીને માહિતી –નકલો મેળવી લેવા અરજદારને કરેલા પ્રસ્તાવ અનુસાર અરજદાર દસ્તાવેજી ફીના નાણાં ભરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

જાહેર માહિતી અધિકારી શહેર વિકાસને અરજીની તબદીલી કલમ–૬ (૩) હેઠળ દિન–પની સમય અવધિમાં કરવા કાળજી લેવા પણ સૂચિત કરવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,

(૧) ડે.કમિશ્નર (પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી (ટીપી/શહેર વિકાસ)/ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન.....જાણ તથા અમલ માટે

(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ,